પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૨૧૩, કુલ પાના:૪, તારીખ: ૦૪-૦૫-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 213 PRICE :-RS. 1.50 DATE : 04-05-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ૨૩ એપ્રિલે ૧.૮૯ લાખના ટેસ્ટિંગ સામે ૨ મેએ ૧.૩૭ લાખના જ ટેસ્ટ થયા, અનેક ટેસ્ટિંગ ડોમ ખાલી, કોર્પોરેશને રેપીડ ટેસ્ટની કિટમાં કાપ મૂક્યો

## સરકારે ટેસ્ટિંગ ૩૦ ટકા ઘટાડી દેતાં કોરોનાના કેસમાં એકાએક કેસમાં 'કૃત્રિમ' ઘટાડો..!?

અમદાવાદ,

ગુજરાતમાં કોરોનાના કેસમાં છેલ્લા બે-ત્રણ દિવસથી ઘટાડો જોવા મળી રહ્યો છે. જોકે, આ બાબતે તપાસ કરતા જાણવા મળ્યું કે, સરકાર દ્વારા ગુજરાતમાં કરતા ટેસ્ટિંગમાં ૩૦ ટકાનો ધરખમ ઘટાડો કરવામાં આવ્યો છે. ૨૩ એપ્રિલે ૧.૮૯ લાખના ટેસ્ટિંગ સામે ૨ મેએ ૧.૩૭ લાખના જ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેના પગલે કેસમાં પણ ઘટાડો નોંધાયો છે. આ રીતે સરકાર કેસમાં ઘટાડો કરી શું કરવા ઈચ્છે છે તે અંગે લોકોમાં ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. જોકે, લોકોએ




કોરોનાને લઈને સાવચેત રહેવાની જરૂર છે.

પહેલાં એક ડોમ પર ૨૦૦થી ૨૫૦ કીટ પહોંચતી હતી. હવે એક ડોમ દીઠ માત્ર ૧૦૦ કીટ જ અપાઈ રહી છે. હાલમાં દરેક ડોમ પર બે શિફ્ટમાં ટેસ્ટિંગ થાય છે. જેમાં એક શિફ્ટમાં માત્ર ૫૦ કીટ જ અપાઈ રહી છે. અત્રે નોંધનીય છે કે એક તરફ રાજ્યમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. ત્યારે રેપીડ ટેસ્ટની કિટમાં કાપ મૂકાયો છે. જો કે લોકો હવે ઈંઝઈ ટેસ્ટ તરફ વધુ પ્રમાણમાં વળી રહ્યાંનું પણ લાગી રહ્યું છે.

ગત એપ્રિલ મહિનાની ૨૩ તારીખથી ટેસ્ટિંગમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ૨૩ એપ્રિલના રોજ ગુજરાતમાં ૧.૮૯ લાખ લોકોનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. જેનો પોઝિટિવ રેટ ૭.૩ હતો. ત્યારબાદ ઉતરોતર ઘટાડો કરવામાં આવ્યો છે. ગત રોજ ૨ મેના રોજ ૧.૩૭ લાખ લોકોનું જ ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. જેનો પોઝિટિવ રેટ ૯.૪ આવ્યો હતો. છેલ્લા ૧૦ દિવસમાં જ ૫૨ હજાર લોકોના ટેસ્ટિંગમાં ઘટાડો કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં કોરોના વાયરસની બીજી લહેર ચાલી રહી છે જેમાં દરરોજ હજારોની સંખ્યામાં લોકો વાઈરસની ઝપેટમાં આવી રહ્યા છે. રાજ્યમાં એપ્રિલ મહિનો ખૂબ જ ભારે રહ્યો છે જેમાં પ્રજાએ પારવાર મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે ત્યારે એપ્રિલ મહિનાના અંતમાં કોરોના વાઈરસ ધીમો પડ્યો અને તે બાદ મે મહિનાથી તો કેસ ધીમે ધીમે ઘટવા લાગ્યા છે ત્યારે ગુજરાતમાં ટેસ્ટિંગ પણ ઘટ્યું છે.

ગુજરાત એપ્રિલ મહિનાથી જ સતત ટેસ્ટિંગ ઘટાડવાની શરૂઆત કરવામાં આવી છે. એપ્રિલ મહિનામાં ૨૩મી એપ્રિલે જ્યારે ૧ લાખ ૮૯ હજાર ૯૦૨ સેમ્પલના ટેસ્ટ કરાયા હતા ત્યારે ૧૩૮૦૪ કોરોના કેસ નોંધાયા હતા પરંતુ ટેસ્ટની સંખ્યામાં ઉત્તરોતર ઘટાડો કરવામાં આવ્યો અને મહિનાના અંતે ૩૦ એપ્રિલે ૧૬૯૩૫૨ ટેસ્ટિંગ કરવામાં આવ્યા હતા, અને ઓછા ટેસ્ટ થયા હોવા છતાં સૌથી વધુ ૧૪,૬૦૫ કેસ નોંધાયા હતા.

શહેરોમાં કોરોના વાઈરસના ટેસ્ટ માટે ડોમ ઊભા કરી દેવામાં આવ્યા છે. તેમાંથી મોટા ભાગના ડોમ બપોર બાદ બંધ કરી દેવામાં આવ્યા છે. જ્યારે હેલ્થ સેન્ટરમાં પણ બપોરે ૧૨ વાગ્યા બાદ ટેસ્ટિંગ બંધ કરી દેવામાં આવ્યું છે. આ સાથે કોઈ તકલીફ ન હોય તો ટેસ્ટ પણ કરવામાં આવતો નથી. રાજ્યમાં ટેસ્ટિંગ કીટ ઓછી નથી એવા તંત્ર દ્વારા દાવા કરવામાં આવી રહ્યા છે ત્યારે ટેસ્ટની સંખ્યામાં કેમ સતત ઘટાડો કરવામાં આવી રહ્યો છે તેના પર સવાલ ઊભા થાય છે.

રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ આંકડા પ્રમાણે રાજ્યમાં કોરોનાના ૧૨૯૭૮ નવા કેસ નોંધાયા છે તો સંક્રમણના કારણે ૧૫૩ લોકોના મોત નીપજ્યા છે. આ સાથે જ ૧૧૧૪૬ દર્દીઓ સાજા થયાં છે. આ સાથે જ અત્યાર સુધીમાં ૪૪૦૨૭૬ દર્દીઓ કોરોના મુક્ત થયાં છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ૧૫૩ લોકોના સારવાર દરમિયાન મોત થયાં છે. આમ ગુજરાતમાં અત્યાર સુધીમાં ૭૫૦૮ લોકોના મોત કોરોનાને કારણે થયાં છે. રાજ્યમાં હાલ ૭૨૨ લોકો વેન્ટિલેટર પર છે. એક્ટિવ કેસનો આંકડો ૧,૪૬,૮૧૮ પર પહોંચ્યો છે.

## હવે ગુજરાતના ૧૭૦૦ સિનિયર ડોકટર હડતાલ પર ઉતરવાની ચિમકી

અમદાવાદ,

કોરોનાની મહામારી વચ્ચે સરકારની મુશ્કેલી વધે તેવા એંધાણ છે. રાજ્યની ૬ સરકારી હોસ્પિટલમાં ફરજ બજાવતા સિનિયર તબીબોએ સરકાર સામે બાંયો ચડાવી છે. વર્ષ ૨૦૦૮થી બાકી રહેલી બઢતી અંગે સરકાર તુરંત નિર્ણય કરે તેવી તબીબોની માંગ છે. ગુજરાત મેડિકલ ટીચર્સ એસોસિએશનના ૧ હજાર ૭૦૦ તબીબો દ્વારા મહત્વની બેઠક યોજવામાં આવી છે. જેમાં એડિશનલ સુપ્રિન્ટેન્ડેન્ટ કક્ષાના વિભાગીય વડા તેમજ અનેક સિનિયર તબીબો ઉપસ્થિત રહ્યાં છે. સરકારી તબીબો સાતમાં પગારપંચના લાભથી પણ વંચિત છે ત્યારે જો પડતર માંગણીઓ નહીં સંતોષાય તો તબીબોએ હડતાળની ચીમકી



ઉચ્ચારી છે.

રાજ્યમાં એક તરફ ગુજરાત સરકાર કોરોના સામે તો ઝઝૂમી રહી છે. હજુ એમાંથી તો બહાર નથી ઉગરી ત્યાં તો કોરોનાકાળમાં ફરી રાજ્ય સરકારની મુશ્કેલી વધી શકે છે. ૬ સરકારી હોસ્પિટલમાં ફરજ બજાવતા સિનિયર તબીબોએ સરકાર સામે બાયો ચડાવી છે. વર્ષ ૨૦૦૮થી બાકી રહેલી બઢતી અંગે સરકાર ત્વરિત નિર્ણય લે તેવી તબીબો માંગ કરી રહ્યાં છે. સાતમાં પગારપંચના લાભથી પણ સરકારી તબીબો વંચિત છે જેથી તેઓ ઉગ્ર રોષે ભરાયા છે.

અલગ-અલગ ૧૫ માંગણીઓ મામલે સરકારને મેમોરેન્ડમ આપ્યાં છતાં અસરકારક પગલાં નહીં લેવાયાં. જુનિયર તબીબો હડતાળ પાડીને માંગણીઓ સંતોષી રહ્યાં છે તેવાં સંજોગોમાં અમે આજની બેઠકમાં હડતાલનું આયોજન કરીશું. અમારા મુદ્દાઓનો ઉકેલ આવશે તેવી અમને આશા છે. ગુજરાત મેડિકલ ટીચર્સ એસોસિએશનના ગુજરાતમાંથી ૧૭૦૦ તબીબો દ્વારા બેઠક યોજાઈ. જો કે તમને જણાવી દઈએ કે, જો સરકાર દ્વારા માંગણીઓ સ્વીકારવામાં ન આવી તો કદાચ સ્થિતિ બગડી શકે છે. ગુજરાત મેડિકલ ટીચર્સ એસોસિએશનમાં એડિશનલ સુપરિટેનડેન્ટ કક્ષાના વિભાગીય વડા અને અનેક સિનિયર તબીબો બેઠકમાં હાજર રહ્યાં.

## કોરોના કેસોમાં સતત બીજા દિવસે ઘટાડો ૩.૬૮ લાખ નવા કેસ અને ૩૪૧૭ મોત

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોના દર્દીઓની સંખ્યા ૧ કરોડ ૯૯ લાખ ૧૯ હજાર ૭૧૫ પર પહોંચી ગઈ છે. મતલબ કે આજે આ આંકડો ૨ કરોડને પાર થઈ જશે. ભારત એવો બીજો દેશ હશે જ્યાં ૨ કરોડથી વધુ લોકો સંક્રમણની ઝપેટમાં આવી ચૂક્યા હશે. અમેરિકામાં સૌથી વધુ ૩.૩૮ કરોડ લોકોને સંક્રમણ લાગી ચૂક્યું છે.

છેલ્લા બે દિવસથી નવા દર્દીઓની સંખ્યા ઘટી રહી છે. રવિવારે દેશમાં ૩ લાખ ૬૯ હજાર ૧૪૭ દર્દીઓ નોંધાયા છે. ૩ લાખ ૭૩૨ લોકો સાજા થયા. શુક્રવારે દેશમાં રેકોર્ડ ૪ લાખ ૨ હજાર ૧૪ લોકો પોઝિટિવ મળી આવ્યા હતા. જે શનિવારે ઘટીને ૩ લાખ ૯૨ હજાર ૪૫૯ થયા હતા.

સૌથી વધુ મૃત્યુવાળા દેશોમાં ભારત મેક્સિકોને પાછળ છોડી ત્રીજા સ્થાને પહોંચી ગયું છે. અહીં અત્યાર સુધીમાં ૨ લાખ ૧૮ હજાર ૯૪૫



લોકોનાં મોત થયાં છે. આ મુદ્દે અમેરિકા પ્રથમ નંબર પર છે. અહીં ૫.૯૨ લાખ અને બ્રાઝિલમાં ૪.૦૭ લાખ લોકોનાં મોત થયાં છે. ચોથા નંબર પર પહોંચેલા મેક્સિકોમાં અત્યાર સુધીમાં ૨.૧૭ લાખ લોકોનાં મૃત્યુ નોંધાયા છે.

શનિવારના પહેલીવાર કોરોના સંક્રમિતોની સંખ્યા ગત દિવસની સરખામણીએ ઓછી હતી. દેશમાં શનિવારના ૩ લાખ ૯૨ હજાર ૪૮૮ કેસ સામે આવ્યા. આ સંખ્યા એના આગલા દિવસથી ૯૫૦૦ ઓછી હતી. એક મહિનામાં આવું પહેલીવાર થયું. દેશમાં શનિવારના ૩ લાખ ૯૨ હજાર ૪૮૮ કેસ સામે આવ્યા. શુક્રવારના દેશભરમાં કોરોનાના ૪ લાખ ૧ હજાર ૯૩૩ કેસ સામે આવ્યા.

સોમવારના દિવસને છોડીને આવું પહેલીવાર હતુ જ્યારે કોરોનાના દર્દીઓની સંખ્યા ગત દિવસોથી ઓછી હતી. એપ્રિલના મહિનામાં તમામ દિવસોમાં કોરોનાની સંખ્યા વધી હતી, સોમવારને છોડીને. સોમવારને છોડીને એ કારણે કહી શકાય, કેમકે રવિવારના કારણે તે દિવસે ટેસ્ટિંગ ઓછું થાય છે. એપ્રિલની શરૂઆતથી જોઈએ તો એક લાખથી ઓછા કેસ આવવાથી દેશમાં આની શરૂઆત થઈ જે ચાર લાખ સુધી પહોંચી. મહારાષ્ટ્રના મામલે પણ આવું જોવા મળ્યું. છેલ્લા ૧૦ દિવસમાં મહારાષ્ટ્રમાં પોઝિટિવ કેસોની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે.

એપ્રિલ ૨૨ના કોરોનાના સૌથી વધારે કેસ મહારાષ્ટ્રમાં સામે આવ્યા હતા, ત્યારે સંખ્યા ૭૦ હજારની આસપાસ હતી. સતત ૨૦ દિવસ સુધી એપ્રિલ મહિનામાં કોરોના દર્દીઓની સંખ્યા ૬૦ હજારની પાર રહી. છેલ્લા ૪ દિવસથી આમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. દિલ્હીમાં પણ આવો જ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. સતત ૨ અઠવાડિયા સુધી દિલ્હીમાં કોરોના કેસ ૨૦ હજારની પાર રહ્યા. જો કે એક્ટિવ કેસ ૧ લાખથી ઓછા જ રહ્યા, એ પણ ત્યારે જ્યારે સતત ૧૦ દિવસ સુધી ૨૦ હજારથી વધારે દર્દી સામે આવી રહ્યા હતા. આ આંકડાને લઈને પણ લોકોમાં ઉત્સુક્તા છે. આ સંખ્યા ઉપર નથી જઈ રહી તેને જોઈને થોડીક રાહત છે.

મહારાષ્ટ્રમાં જે પ્રકારન નંબર ઘટ્યા છે અને આશા કરવામાં આવી રહી છે કે દિલ્હીમાં પણ કેટલાક દિવસમાં સંખ્યામાં વધારે ઘટાડો આવવાની આશા છે. મહારાષ્ટ્રમાં કેસોમાં ઘટાડાને જોતા બાકી રાજ્યોમાં આવો ઘટાડો આવશે તેવી આશા કરવામાં આવી રહી છે. જ્યારે કેસો ઓછા આવશે ત્યારે એક્ટિવ કેસની સંખ્યામાં થોડો ઘટાડો આવશે.

## રાજ્યના અનેક વિસ્તારોમાં વાવાઝોડા સાથે કમોસમી વરસાદની આગાહી

અમદાવાદ,

સાયક્લોનિક સરક્યુલેશનના કારણે છેલ્લા એક સપ્તાહથી ગુજરાતના વાતાવરણમાં પલટો આવ્યો છે. ત્યારે હવામાન વિભાગની મોટી આગાહી સામે આવી છે. ગત દિવસોમાં રાજ્યમાં વાવાઝોડાની આગાહી કરવામાં આવી હતી. રાજસ્થાન, પાકિસ્તાનમાં સર્ક્યુલેશનની અસર ગુજરાતમાં જોવા મળશે.

હવામાન ખાતા દ્વારા કરાયેલી આગાહી પ્રમાણે બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, પાટણ, અમદાવાદ, ગાંધીનગર, ખેડા, આણંદ, વડોદરા, ભરૂચ, મોરબી, જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, અમરેલી, જૂનાગઢ, કચ્છ, સુરત, નર્મદા, તાપી, ડાંગ સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદ પડી શકે છે.

હજુ આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં કમોસમી વરસાદ પડવાની હવામાન ખાતા દ્વારા આગાહી કરી છે. જેમાં અમદાવાદ શહેરમાં પણ સતત પાંચ દિવસ દરમિયાન હળવો વરસાદ થવાની હવામાન ખાતા દ્વારા આગાહી કરવામાં આવી છે. હવામાન ખાતાએ કરેલી આગાહી પ્રમાણે સૌરાષ્ટ્ર કચ્છ અને ઉત્તર ગુજરાતમાં હળવો વરસાદ પડશે.

હવામાન ખાતાની આગાહી પ્રમાણે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહી થતા જગતનો તાત ફરી એકવાર ચિંતામાં પેઠો છે. હવામાન દ્વારા કહેવામાં આવ્યું છે કે આગામી ૫ દિવસમાં તાપમાનમાં કોઈ ફેરફાર નહીં થાય. આવતીકાલે તાપમાનમાં સામાન્ય ઘટાડાની શક્યતા સેવવામાં આવી છે. બે દિવસ બાદ ફરી ગુજરાતમાં ૪૦થી ૪૧ ડિગ્રી તાપમાન રહેશે.

## ખાતાધારકોને ૩૧-મે સુધી KYC અપડેટ કરાવવા SBIનો નિર્દેશ




નવી દિલ્હી,

સ્ટેટ બેક્ર ઓફ ઈન્ડિયાએ તેના કરોડો ગ્રાહકો માટે નવું નોટિફિકેશન બહાર પાડ્યું છે, જે મુજબ બેક્રે બધા ખાતાધારકોને તેમના ખાતામાં કેવાયસી અપડેટ કરવા નિર્દેશ આપ્યા છે. જો તેઓ આમ કરવામાં નિષ્ફળ જશે તો એ ગ્રાહકોની બેક્રિંગ સર્વિસિસને અટકાવી દેવામાં આવશે. બેક્ર ૩૧ મે પછી જે અકાઉન્ટ્સના કેવાયસી નહીં થયા હોય, તે ગ્રાહકોનાં ખાતાઓને ફ્રીઝ કરી દેશે, એમ બેક્ર જણાવ્યું છે.

SBIએ એના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર આ માહિતી શેર કરતાં કહ્યું હતું કે ગ્રાહકોએ કોઈ પણ અડચણ વિના બેક્રિંગ સેવાઓ ચાલુ રાખવા માટે ૩૧ મે, ૨૦૨૧ સુધીમાં દ્ભરૂઝ અપડેટ કરાવવું જરૂરી છે. આ માટે ગ્રાહકો તેમના દ્ભરૂઝ દસ્તાવેજ લઈને તેમની હોમ શાખા અથવા તેમની૪ નજીકની શાખામાં જઈ શકે છે. કોરોનાને કારણે બેક્રે આ સુવિધા ૩૧ મે સુધી લંબાવી છે. આ તારીખ પછી જે ખાતામાં KYC અપડેટ કરવામાં નહીં આવે તેમનાં ખાતાંમાં કામકાજ અટકાવી દેવામાં આવશે, એમ બેક્રે ઉમેર્યું હતું.

## લોકડાઉન પર વિચાર કરે કેન્દ્ર સરકાર : સુપ્રીમ કોર્ટનો નિર્દેશ

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોના વાયરસની બીજી લહેરને કાબૂમાં કરવા માટે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારોને લોકડાઉન પર વિચાર કરવા માટે કહ્યું છે. સુપ્રીમ કોર્ટે સરકારોને કહ્યું છે કે તેઓ લોકહિતમાં બીજી લહેરના વાયરસ પર અંકુશ લગાવવા માટે લોકડાઉન લગાવવા પર વિચાર કરી શકે છે. સુપ્રીમ કોર્ટે એ પણ કહ્યું કે, લોકડાઉન લગાવવાથી પહેલા સરકાર એ પણ ખાતરી કરે કે આનો સામાજિક અને આર્થિક પ્રભાવ ઓછો પડે.

કોર્ટ પ્રમાણે જે લોકો પર લોકડાઉનની અસર પડી શકે છે, તેમના માટે ખાસ વ્યવસ્થા કરે. કોરોના વાયરસની બીજી લહેરમાં સ્થિતિને ગંભીર થતા જોઈને સુપ્રીમ કોર્ટે ખુદ જ મામલાને ધ્યાને લેતા કહ્યું છે કે જો કોઈ દર્દી પાસે કોઈ રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશના સ્થાનિક રેસિડેન્સિયલ પ્રૂફ અથવા આઈડી પ્રૂફ નથી તો પણ તેને હૉસ્પિટલમાં ભરતી કરવા અને જરૂરી દવાઓ આપવાની ના ન કહી શકાય. આ પહેલા કોરોનાને લઈને સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આદેશ આપ્યો કે દિલ્હીમાં ઑક્સિજનનો પૂરવઠો ૩ મેના મધ્યરાત્રિ અથવા તેના પહેલા ઠીક કરી લેવામાં આવશે.

સાથે જ કોર્ટે કહ્યું છે કે, ઑક્સિજનની સપ્લાય વ્યવસ્થા રાજ્યો સાથે વિચાર-વિમર્શ કર્યા બાદ તૈયાર કરો. ઈમરજન્સી વ્યવસ્થા માટે ઑક્સિજનનો સ્ટોક અને ઈમરજન્સી ઑક્સિજન પૂરું પાડવાની જગ્યાને વેકેન્દ્રીત કરો. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજ્ય પોલીસ કમિશનરોને નિર્દેશ આપ્યો છે કે સોશિયલ મીડિયામાં કોઈની જાણકારી પર કાર્યવાહી કરી તો અદાલત કાર્યવાહી કરશે. સાથે જ સુપ્રીમ કોર્ટે કહ્યું હતુ કે, ૨ અઠવાડિયાની અંદર કેન્દ્રને હૉસ્પિટલોમાં પ્રવેશ પર રાષ્ટ્રીય નીતિ બનાવવા અને રાજ્યો દ્વારા આનું પાલન કરાવવામાં આવે.

જ્યાં સુધી આ નીતિ તૈયાર ના થા રહેઠાણના પુરાવાના અભાવમાં કોઈ પણ દર્દીને હૉસ્પિટલમાં ભરતી કરવા અથવા જરૂરી દવાઓથી વંચિત ના કરવો જોઈએ. સુપ્રીમ કોર્ટે વેક્સિનની કિંમત નક્કી કરવા, ઉપલબ્ધતા, ઑક્સિજન અને જરૂરી દવાઓની વ્યવસ્થા પર ફરીથી વિચાર કરવો જોઈએ.




**લગ્ન ગ્રંથીથી જોડાયેલ છીએ**



અમો ડાભી મહેશભાઈ સનાભાઈ રહે.બોરીયાવી, તા.શહેરા. જી.પંચમહાલ પટેલીયા મનીષાબેન વિક્રમભાઈ રહે.નાંદરવા, (બાબર પથુનામુવડા) તા.શહેરા, જી.પંચમહાલ અમે અમારી રાજીખુશીથી અને એક બીજાની પરસ્પર સંમતિથી લગ્ન ગ્રંથીથી જોડાયા છીએ જે અમો તા.૨૮/૪/૨૦૨૧ ના રોજ લગ્ન નોંધણી રજીસ્ટ્રેશન શહેરા નગરપાલિકા મુકામે નોંધણી કરાવેલ છે જે અમો આજરોજ જાહેર કરીએ છીએ.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**ધી વેલવડ અર્થ સ. સહ. મંડળી**

**મુ. વેલવડ, તા. ગોધરા**

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**મારવાડી શોભાબેન કાન્તીલાલ**

**મુ. ખાડી (ફ) તા. ગોધરા**

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં આજે ૧૬૯ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૪૮૦૦ પોઝીટીવ કેસ નોંધાયા



**મહીસાગરમાં કોરોનાના કેસની સંખ્યા**

| |
|---|
| બાલાસીનોર-૬૪ |
| કડાણા-૦૮ |
| ખાનપુર-૨૦ |
| લુણાવાડા-૩૫ |
| સંતરામપુર-૨૨ |
| વિરપુર-૨૦ |

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૨૭ સ્ત્રી, ૩૭ પુરૂષ, કડાણા તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૪ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૯ સ્ત્રી, ૧૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૧૪ સ્ત્રી, ૨૧ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૯ સ્ત્રી, ૧૩ પુરૂષ અને વિરપુર તાલુકાની ૧૦ સ્ત્રી, ૧૦ પુરૂષના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૩-૦૫-૨૦૨૧ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૪૮૦૦ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લાતમાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૧૦ સ્ત્રી અને ૧૨ પુરૂષ, કડાણા તાલુકાની ૦૫ સ્ત્રી, ૦૬ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૩ સ્ત્રી અને ૦૭ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૭ સ્ત્રી, ૧૩ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૭ સ્ત્રી, ૦૯ પુરૂષ અને વિરપુર તાલુકાની ૦૬ સ્ત્રી અને ૦૮ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે.

આમ, જિલ્લાંમાં અત્યાર સુધીમાં કુલ ૩૪૬૮ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૦ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૪૦ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૬૦ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફ્લુ/કોરોનાના કુલ ૨૦૬૩૯૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૯ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૮૯૯ દર્દી હોમ આઇસોલેશન, ૫૫ દર્દી એસ.ડી.એચ.સંતરામપુર, ૬૧ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૨૨૮ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ મહીસાગર ખાતે સારવાર હેઠળ છે.

કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૧૧૧ દર્દીઓ સ્ટેબલ અને ૧૫૨ દર્દીઓ ઓકિસજન પર અને ૦૯ વેન્ટીલેટર પર છે.

# મોદી સરકારને રાષ્ટ્રીય લોકડાઉન નથી લાદવું, રાજયોને આપી સત્તા

ન્યુ દિલ્હી,
દેશમાં કોરોના વકરી રહ્યો છે ત્યારે કેન્દ્ર સરકાર રાષ્ટ્રવ્યાપી લોકડાઉનનું પગલું ભરશે કે નહીં તે એક પ્રશ્ન છે. પરંતુ સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, કેન્દ્ર સરકારનો રાષ્ટ્રવ્યાપી લોકડાઉન જાહેરા કરવાનો કોઈ ઈરાદો નથી. જો કે રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને સલાહ આપવામાં આવી છે કે તેઓ ટ્રાન્સમિશનની ચેઈનને તોડવા માટે અને કોવિડ-૧૯ના વધતા વ્યાપને નિયંત્રણમાં લાવવા માટે કડક પગલાં લે. કોરોનાના કેસમાં દરરોજ થતા સતત વધારા તેમજ હોસ્પિટલોની સ્થિતિ જોઈને ઘણાં રાજયોએ સખત નિયંત્રણો મૂકયા છે.

લગભગ ૧૦ રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ ઓછા-વત્તા પ્રમાણમાં નિયંત્રણો મૂકયા છે. આરોગ્ય વિભાગ દ્વારા સલાહ આપવામાં આવી છે કે, ૧૫ ટકાથી વધારે કોરોના પોઝિટિવ રેટ હોય તેવા ઓછામાં ઓછા ૧૫૦ જિલ્લાઓમાં લોકડાઉન જાહેર કરવામાં આવે. આરોગ્ય વિભાગના કર્મચારીઓ તેમજ કોરોના ટાસ્કફોર્સના લોકોને ચિંતા છે કે કુંભ મેળામાંથી પાછા ફરેલા લોકો સુપર-સ્પ્રેડર બની શકે છે.

ઉલ્લેખનીય છે કે શનિવારના રોજ દેશભરમાં ૩.૯૨ લાખ નવા કેસ નોંધાયા હતા જેમાંથી ૭૩ ટકા કેસ ૧૦ રાજયોના છે. આ દસ રાજયોમાં મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, દિલ્હી, કર્ણાટક, કેરળ, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ અને રાજસ્થાનનો સમાવેશ થાય છે. પાછલા દસ દિવસથી દરરોજ ત્રણ લાખથી વધારે કેસો નોંધાય છે, જેના કારણે હોસ્પિટલો, શબઘરો અને સ્મશાનોમાં લાંબી કતારો જોવા મળે છે. અનેક રાજયોમાં દર્દીઓ અને તેમના પરિવારજનોએ હોસ્પિટલમાં બેડ, ઓકિસજન સપોર્ટ અને જરૂરી દવાઓ મેળવવા માટે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

જો કે, કેન્દ્રને ચિંતા છે કે રાષ્ટ્રવ્યાપી લોકડાઉન કરવામાં આવે તો અર્થતંત્રને મોટું નુકસા નથશે તેમજ અનેક લોકો બેરોજગાર થઈ જશે, જેમાં ખાસકરીને પ્રવાસી મજૂરોને મોટું નુકસાન થશે. રાજયમાં કેટલા અને કયા પ્રકારના નિયંત્રણો મૂકવા તેની કેન્દ્ર સરકારે રાજયોને છૂટ આપી છે. આ સિવાય નાની હોસ્પિટલો અને નર્સિંગ હોમને કોરોના હોસ્પિટલ તરીકે ઉપયોગમાં લઈ શકાય તેના પ્રયાસો કરવાની પણ સલાહ આપી છે. આ સિવાય હોટલો, સ્ટેડિયમ વગેરે સ્થળોએ કોવિડ કેર સેન્ટર ખોલવાના સૂચન આપ્યા છે.

# કોરોનાને નાથતાં ભુવાનો વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ



ગોધરા,
હાલ કોરનાની મહામારીમાં અવારનવાર કોરાનાને ભગાવનારા ભુવાના વિડીયો વાયરલ થતા હોય છે. ત્યારે આજે પંચમહાલ અને દાહોદના બોર્ડરના વિસ્તારમાં રહેતા એક ભુવાનો વિડીયો વાયરલ થયો છે. કોરોનાની મહામારીમાં હાલ લોકો ડરી રહ્યા છે અને ગ્રામ્ય વિસ્તારમાં ગામના લોકો કોરોનાની મહામારીને દવા થી નહી પણ ભુવાઓની જાળમાં આવી અવારનવાર અંધશ્રદ્ધાનો ફેલાવો કરી રહ્યા છે. ત્યારે આજે સોશ્ય મીડીયામાં એક વિડીયો વાયરલ થયો હતો. જે ભુવો કોરોનાને દુર કરતો હોય તેવું દેખાઈ રહ્યું છે. અને આ વિડીય હાલ સોશ્યલ મિડીયામાં જોર પકડ્યું છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારના લોકો આવા ભુવાઓ પર વિશ્વાસ ન કરે અને યોગ્ય દવા કરે અને કોરોનાના ટેસ્ટ કરાવે તેવું તંત્ર દ્વારા અપીલ કરી રહ્યા છે. અને હાલમાં ચાલી રહેલ કોરોના મહામારીમાં આવા ભુવા જાગરીઆ પાસે નહી જાય અને યોગ્ય સારવાર લે તેવી અપીલ હાલ તંત્ર કરી રહ્યુંછે. આ વિડીયો પંચમહાલ અને દાહદ બોર્ડર વિસ્તારનો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હોય તેવું લાગી રહ્યું છે.

# સયાજી હોસ્પિટલમાં ઓક્સિજનની પાઈપલાઈનમાં લીકેજ, દુર્ઘટના ટળી

વડોદરા,
વડોદરા શહેરની સયાજી હોસ્પિટલના નવા સર્જીકલ બિલ્ડિંગમાં આજે અચાનક ઓક્સિજનની પાઈપ લાઈનમાં લીકેજ થતાં ભાગદોડ થઈ ગઈ હતી. જો કે ફાયર બ્રિગેડના જવાનોએ સ્થળ પર પહોંચીને લીકેજ સમારકામ કર્યું હતું. વડોદરા શહેરમાં કોરોના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે સરકારી હોસ્પિટલો અને ખાનગી હોસ્પિટલોમાં અત્યારે ૧૦૭૦૦ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જ્યારે ૩૦ હજારથી વધુ દર્દી હોમ ક્વોરેટાઈન છે. કોરોના મહામારીના બીજા રાઉન્ડમાં જે લક્ષણો જણાઈ આવ્યા છે, તેમાં ૯૦ ટકા દર્દીઓને ઓક્સિજનની તકલીફ પડી રહી છે. જેને કારણે હાલમાં ૭૫૦૦થી વધુ દર્દી વેન્ટિલેટર અને ઓક્સિજન પર રાખવામાં આવ્યા છે. સયાજી હોસ્પિટલમાં ઓક્સિજનની પાઈપલાઈનમાં અચાનક લીકેજ થયું હતું. આ લીકેજને કારણે ઓક્સિજનનો જથ્થો દર્દીઓ સુધી પહોંચાડવામાં અસર પડી હતી. જોકે આ અંગેની જાણ સયાજી હોસ્પિટલના સત્તાધીશોને થતા તેમણે તરત જ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર બ્રિગેડે સ્થળ પર પહોંચી જઈ તાત્કાલિક સમારકામ હાથ ધર્યું હતું અને અડધો કલાકની જહેમત બાદ ઓક્સિજનની પાઈપલાઈનમાં પડેલું લીકેજ બંધ થયું હતું. ત્યારબાદ તંત્રએ રાહતનો દમ લીધો હતો.

# દાહોદ ફતેપુરા તાલુકાના મોટાનટવામાં અકસ્માતે આગ લાગતાં ત્રણ મકાનો બળીને ખાખ : સદનસીબે કોઈ જાનહાનિ નહીં થતા હાશકારો

ફતેપુરા,
ફતેપુરા તાલુકામાં અકસ્માતે આગ લાગવાના બનાવોમાં વધારો થતો જતો હોવાનું જાણવા મળે છે.સ્થાનિક જગ્યાએ ફાયર ફાઈટરની વ્યવસ્થા ન હોય આગ લાગ્યા બાદ ફાયર ફાઈટર ને જાણ કરવામાં આવતા ઝાલોદ અથવા સંતરામપુરથી ફાયર ફાઈટર જગ્યા ઉપર પહોંચે ત્યાં સુધીમાં લાગેલ આગમાં મકાન કે ઘાસ સંપૂર્ણ બળીને ખાખ થઈ જતા હોવાના બનાવો બને છે. તેવી જ રીતે ગતરાત્રીના મોટાનટવા ગામે એક મકાનમાં લાગેલી આગે ત્રણ મકાનોને ઝપેટમાં લેતાં ત્રણ મકાનો સહિત ઘરવખરી સામાન,રોકડ,દાગીના વગેરે બળી જતાં લાખો રૂપિયાનું નુકસાન પહોંચવા પામ્યુ હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલી વિગતો મુજબ ફતેપુરા તાલુકાના મોટાનટવા ગામના મોટી જાંબુડી ફળિયા ખાતે રહેતા પગી નાનજીભાઈ વીરાભાઈ ખેતીવાડી તથા છૂટક કામ ધંધો કરી પોતાના ઘરનું ગુજરાન ચલાવે છે. જેઓના મકાનમાં ગતરોજ રાત્રીના દસેક વાગ્યાના અરસામાં અકસ્માતે આગ લાગતા ઘઉં પાચ મણ,ચણા પંદર મણ,મકાઈ પાંચ મણ તથા રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- સહિત મકાન સંપૂર્ણ બળીને ખાખ થઈ જવા પામ્યું છે. જ્યારે તેમની બાજુમાં રહેતા તેમના પુત્ર પગી દિનેશભાઈ નાનજીભાઈના મકાનને પણ આગે ઝપેટમાં લેતાં તિજોરીમાં મુકેલ તિજોરી સહિત ૭૦ હજાર રૂપિયા રોકડા,ચાંદીના દાગીના ૭૦૦ ગ્રામ તથા સોનાના દાગીના, ટી.વી, પંખા સહીત ઘરનો તમામ સરસામાન તેમજ અનાજમાં ત્રીસ મણ ઘઉં સાત મણ અને પંદર મણ મકાઈ પણ આગમાં સ્વાહા થઈ જવા પામેલ છે. જ્યારે બાજુમાં આવેલ પગી અરવિંદભાઈ નાનજીભાઈના મકાનમાં પણ આગ પ્રસરી જતા ૯૦૦ ગ્રામ ચાંદીના દાગીના, અઢી તોલા સોનાના દાગીના સહિત રોકડ રૂપિયા એક લાખ ચાલીસ હજાર પણ આગમાં બળી જવા પામેલ છે.તે સહિત ઘરમાં રાખેલા અનાજમાં પાંચ મણ મકાઈ ઘઉં વીસ મણ તેમજ ટી.વી,પંખા, શોકેસ સહિત કપડાંલતા અને ઘર વપરાશની તમામ ચીજવસ્તુઓ બળી જવા પામેલ હોવાનું જાણવા મળે છે.

આમ,રોકડ,દાગીના,અનાજ, ઘરવખરી સામાન,કપડાલતા તેમજ મકાનના પાટ,જોતરા,બારી-દરવાજા વિગેરે પણ બળી જતા ત્રણ મકાન માલિકોને લાખો રૂપિયાનું નુકસાન પહોંચવા પામ્યું હોવાનું જાણવા મળે છે. વધુમાં જાણવા મળતી માહિતી મુજબ મકાનોમાં આગ લાગતા ફાયર ફાઈટરને જાણ કરવામાં આવી હતી. પરંતુ જે દોઢ કલાક બાદ ફાયર ફાઈટર આવ્યું ત્યાં સુધીમાં મકાનો સહિત ઘરવખરી સરસામાન બળીને ખાખ થઈ જવા પામ્યું હોવાનું અને કંઈ બચ્યું ન હોવાનું જાણવા મળે છે. જો કે, સદનસીબે કોઈ જાનહાની થવા પામેલ નથી.

# કાલોલ શહેરની શિવશક્તિ સોસાયટીના કોમન પ્લોટમાં વેકસીનેશન કાર્યક્રમનું આયોજન



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
કાલોલ શહેરીજનો ને કોરોનાથી રક્ષણ આપતી વેક્સિનેશનનો લાભ મળી રહે તે માટે કાલોલ શહેરના જુદા જુદા વિસ્તારોમાં નગરપાલિકા તેમજ આરોગ્ય વિભાગના સંયુકતપણે કોરોના સામે રક્ષણ આપતી વેક્સિનેશન કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત આજરોજ કાલોલ શિવ શકિત સોસાયટીના કોમન પ્લોટમાં વેક્સિનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતો જેમાં કાલોલ નગરપાલિકાના ચીફ ઓફિસર મહેન્દ્રભાઈ સોલંકી અને સ્થાનિક કાઉન્સિલર મુન્નાભાઇ વકીલની ઉપસ્થિતીમાં કાલોલ તાલુકા હેલ્થ ઓફિસર મિનેશ દોશી માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગની કર્મચારીઓનાં નિરીક્ષણ હેઠળ શિવ શક્તિ સોસાયટીના રહીશોને કોરોના રસીનો ડોઝ આપવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. જેમાં મોટીસંખ્યામાં શિવ શક્તિ સોસાયટી પાસે આવેલ આજુબાજુ વિસ્તારની સોસાયટીના રહીશોએ કોરોના સામે રક્ષણ આપતી રસી મુકાવી રસીકરણ અભિયાનમાં ભાગ લીધો હતો.

# કાલોલ તાલુકામાં બાંધકામ શાખા વિભાગમાં RTIએકટનું ઉલંઘન

કાલોલ,
કાલોલ તાલુકા પંચાયતમાં આવેલ બાંધકામ શાખા વિભાગ કચેરીમાં વેજલપુર ગામના જાગૃત નાગરિક દ્વારા આર.ટી.આઈ એકટ ૨૦૦૫ની જોગવાઈ મુજબ વેજલપુર ગામમાં કરેલ કામો અંગે ની માહિતી માગેલ તે માહિતી પૂરી પાડેલ નથી અને માહિતી એકટ ૨૦૦૫ નુ ઉલંઘન કરેલ છે. કારણકે અરજદાર ને માહિતી આપવામાં આવે તો વેજલપુર ગામનો ભ્રષ્ટાચાર ખુલ્લો બહાર પડી જાય તેવા ડર થી બાંધકામ શાખા દ્વારા માહિતી પૂરી પાડેલ ન હોવાથી અરજદાર નારાજ થય ને અપીલ દાખલ કરી હતી. પરંતુ પ્રથમ અપીલ કર્યા પછી પણ માહિતી પૂરી પાડેલ નથી કારણ કે વેજલપુર ગામ કરેલ કેટલાક કામો તાલુકા વિકાસ અધિકારી એસ ઓ અને તલાટી ક્રમ મંત્રી સરપંચ સહિત ભેગા મળીને લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચાર્યો હોય જેથી વેજલપુર ગામના જાગૃત નાગરિક એ ૧/૧/૨૦૧૯ થી આજદિન સુધીની લેટેસ્ટ કામો અંગેની માહિતી માંગી હતી. જેથી સ્પષ્ટ લાગી રહયુ છે કે વેજલપુર ગામ મા મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર થયો હોય તેવું લાગી રહયુ છે.

# કાલોલ પાલિકાના ઉપપ્રમુખ એમ્બ્યુલન્સ સાથે માસ્ક વગર ફોટો પડાવતા સોશ્યલ મિડીયામાં વાયરલ



કાલોલ,
કાલોલ નગર પાલિકાની ઉપપ્રમુખ કોરોનાકાળમાં માસ્ક વગર જોવા મળ્યા. જી.આઈ.ડી.સી.ના માદયમથી મળેલ એમ્બ્યુલન્સ સાથે ફોટો પાડવા હોય તેવા ફોટાઓ સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં નેતા રોષ થયા.

કોરોના મહામારીમાં લોકોના માસ્ક પહેરવા માટે તેમજ સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરવા માટે કોરોના નિયમોનું પાલન કરવાનો આગ્રહ રાખવામાં આવતો હોય છે. ત્યારે નેતાઓ માટે કોરોના નિયમો અલગ હોય તેમ લાગે છે. કાલોલ પાલિકાના ઉપપ્રમુખ નારાયણ ઉર્ફે ગરાભાઈ કાછીયા આજરોજ કાલોલ જી.આઈ.ડી.સી. દ્વારા આપવામાં આવેલ એમ્બ્યુલન્સ સાથે ફોટો પડાવવામાં એવા તો મશગુલ બન્યા કે માસ્ક વગર એમ્બ્યુલન્સ સાથે ફોટો પડાવ્યા હતા. આમ લોકોને સલહા આપતાં નેતાઓ કોરોના ગાઈડ લાઈનનું પાલન કરતાં ન હોવાને લઈ સોશ્યલ મીડીયામાં વાયરલ થયા હતા. માસ્ક વગર કાલોલ પાલિકા ઉપપ્રમુખનો ફોટો વાયરલ થતાં ટીકાનું પાત્ર બન્યા છે.

# કપડવંજ ST ડેપોના ૩૯ કર્મચારીઓ કોરોના સંકમિત, રૂટો બંધ કરાયા

કપડવંજ,
રાજયમાં કોરોના વાયરસના કારણે અનેક જગ્યાએ બસો, પ્રાઈવેટ વાહનો બંધ રાખવાની ફરજ પડી છે. હાલ એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. કપડવંજ ST ડેપોમાં ફરજ બજાવતા સ્ટાફના ૩૯ કર્મચારીઓ કોરોના સંક્રમિત થયા છે. જેના કારણે મોટા ભાગના રૂટો પર એસટી બસ બંધ કરવાની ફરજ પડી છે. કપડવંજ પંથકમાં કોરોનાનું સંક્રમણ વધતા કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે. તેમાં કપડવંજ એસ.ટી.ડેપોના કર્મચારીઓ પણ બાકાત રહ્યા નથી. કપડવંજ એસટી ડેપોમાં ૧૪૭ ડ્રાઈવર, ૧૨૧ કંડકટર ઉપરાંત વર્કશોપ ખાતે મિકેનિકલ સ્ટાફનું મહેકમ છે. જેમાંથી એક સપ્તાહ પહેલા ડેપો મેનેજર સહિત અંદાજે ૨૬ જેટલા ડ્રાઈવર કંડકટર અને મિકેનિકલ સ્ટાફ કોરોના સંક્રમિત થયા છે અને તે પછી આજદિન સુધી ૫-ડ્રાઈવર તથા ૮-કંડકટર મળી કુલ ૩૯નો સમાવેશ થાય છે.

# ૩ મે, વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ અભિવ્યક્તિની સ્વતંત્રતાનો માનવનો મૂળભૂત અધિકાર




વિશ્વભરમાં ૩ મેના રોજ વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ મનાવવામાં આવે છે. આ દિવસ ઉજવવાનો હેતુ પ્રેસની સ્વતંત્રતા વિષે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો છે. આ સાથે જ આ દિવસ વિશ્વભરની સરકારને ૧૯૪૮ના માનવ અધિકારોના સાર્વભૌમત્વ અનુચ્છેદ ૧૯ હેઠળ અભિવ્યકિતની સ્વતંત્રતાના અધિકારનું સન્માન કરવા અને તેને જાળવી રાખવા માટે પોતાના કર્તવ્યની યાદ અપાવે છે. યૂનેસ્કોની જનરલ એસેમ્બલીની ભલામણ બાદ ડિસેમ્બર ૧૯૯૩માં સંયુકત રાષ્ટ્ર મહાસભાએ ૩જી મેના રોજ પ્રેસ સ્વતંત્રતા દિવસ મનાવવાનું જાહેર કર્યુ હતું. ત્યારથી દર વર્ષે ૧ મે ના રોજ પ્રેસ સ્વતંત્રતા દિવસ મનાવવામાં આવે છે. આ દિવસ અભિવ્યક્તિની સ્વતંત્રતા જાળવી રાખવા અને તેના સન્માન કરવાની પ્રતિબદ્ધતાની વાત કરે છે. પ્રેસની આઝાદીનું મહત્વ ધરાવતો આ દિવસ જણાવે છે કે લોકશાહીના મૂલ્યોની સુરક્ષા અને તેને પુનસ્ર્થાપિત કરવામાં મીડિયા મહત્વની ભૂમિકા નિભાવે છે. તેથી સરકારએ પણ પત્રકારોની સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ. પ્રેસ દિવસ ઉજવવાનો પાછળનો ઈતિહાસ એવો છે કે ઈ.સ ૧૯૯૧માં આફ્રીકાના પત્રકારોએ પ્રેસની આઝાદી માટે પહેલ કરી હતી ત્યારે તે પત્રકારોએ ૩ મેના રોજ પ્રેસની આઝાદીના સિદ્ધાંતોને સંબંધિત એક નિવેદન જાહેર કર્યુ હતુ, જેને ડિકલેરેશન ઑફ વિન્ડોક ના નામથી ઓળખવામાં આવે છે. એ વખતે પહેલીવાર ૧૯૯૩માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આ દિવસ ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી. દુનિયામાં નિડર પત્રકારો કેટલીય પરેશાનીમાંથી પસાર થતા હોય છે. સાઉદી પત્રકાર જમાલ ખશોગી, ભારતીય પત્રકારો ગૌરી લંકેશ, નવીન નિશ્ચલ, સુજ્ઞત બુખારી, ચંદન તિવારી, રાકેશ સિંહ અને ઉત્તર આર્યલેન્ડના પત્રકાર લાયરા મક્કીની હત્યાએ પ્રેસની સુરક્ષા પર સવાલ ઉભા કરી દીધા છે. વિશ્વભરમાં પત્રકારો અને પ્રેસને કેટલાય પ્રકારની પરેશાનીઓનો સામનો કરવો પડે છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને વિશ્વભરમાં પ્રેસ ફ્રીડમ ડે મનાવવામાં આવે છે.

: મિત્તલ ખેતાણી :

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૨-૦૫-૨૦૨૧, સોમવાર, ચૈત્ર વદ-૭, સૂર્યોદય-૬-૦૭, સૂર્યાસ્ત-૭-૦૩, જૈન નવકારશી-૭-૧૬, આજની રાશિ : ધન (ધ,ભ,ફ,ઢ ), નક્ષત્રઃ પૂર્વાષાઢા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | -શુભચોઘડીયા-<br>અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |


# દૈનિક રાશીફળ

તા.૦૪.૦૫.૨૦૨૧ મંગળવાર

મેષ (અ,લ,ઈ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,આગળ વધવાની તક મળે.
વૃષભ (બ,વ,ઉ) : આવક જાવક નો હિસાબ રાખવો પડે,ખર્ચ પર અંકુશ રાખવો.
મિથુન (ક,છ,ઘ) : સગા સ્નેહી મિત્રોથી સારું રહે,પ્રગતિકારક દીવસ રહે.
કર્ક (ડ,હ) : નોકરિયાતવર્ગ ને સારું રહે,સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક.
સિંહ (મ,ટ) : ભાગ્યની દેવી રીઝતી જણાય,નવીન તક હાથ માં આવે.
કન્યા (પ,ઠ,ણ) : માનસિક વ્યગ્રતા જણાય,મન નું ધાર્યુ ના થાય.
તુલા (ર,ત) : જાહેરજીવનમાં સારું રહે,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.
વૃશ્ચિક (ન,ય) : તબિયતની કાળજી લેવી,જીવનમાં નિયમિતતાની જરૂર છે.
ધન (ધ,ભ,ફ,ઢ): પ્રણયમાર્ગે આગળ વધી શકો,પ્રિયપાત્ર થી મુલાકાત થાય.
મકર (ખ,જ) : તમામ ભૌતિક સુખ સગવડ પ્રાપ્ત થાય,દિવસ આનંદ માં વીતે.
કુંભ (ગ,સ,શ ) : નવા કાર્યમાં આગળ વધી શકો,મિત્રોની મદદ મળી રહે.
મીન (દ,ચ,ઝ,થ): તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકો,દિવસ શુભ રહે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં આજરોજ ૧૧૯ પોઝીટીવ કેસ નોંધાયા



દાહોદ,
દાહોદ જિલ્લામાં આજે વધુ ૧૧૯ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આજે વધુ ૦૯ દર્દીઓએ કોરોનાથી પોતાના જીવ ગુમાવતાં કુલ મૃત્યુઆંક ૨૭૨ને પાર થઈ ચુંક્યો છે. વધતાં કોરોના કેસોને પગલે દાહોદ જિલ્લા વહીવટી તંત્ર પણ એક્શનમાં આવ્યું છે અને પ્રજાલક્ષી જાહેરનામાં પણ બહાર પાડી રહી છે.

આર.ટી.પી.સી.આર.ના ૧૦૩૪ પૈકી ૭૭ અને રેપીટ ટેસ્ટના ૧૪૪૪ પૈકી ૪૨ મળી આજે કુલ ૧૧૯ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આ ૧૧૯ પૈકી દાહોદ અર્બનમાંથી ૧૮, દાહોદ ગ્રામ્યમાંથી ૦૯, ઝાલોદ અર્બનમાંથી ૦૩, ઝાલોદ ગ્રામ્યમાંથી૧૨, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૬, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૧૫, લીમખેડામાંથી ૦૬, સીંગવડમાંથી ૦૬, ગરબાડામાંથી ૧૯, ધાનપુરમાંથી ૧૧, ફતેપુરામાંથી ૧૧ અને સંજેલીમાંથી ૦૩ કેસો નોંધાયાં છે. દાહોદ જિલ્લામાં કોરોનાથી મૃત્યુઆંક વધવા માંડ્યો છે. દરરોજ કોરોનાથી દર્દીઓ મૃત્યુ પામી રહ્યાં છે. આ ચિંતાનો વિષય છે. આજે વધુ ૦૯ દર્દીઓએ કોરોનાથી પોતાની જીવ ગુમાવ્યો હતો. વધતાં કેસોની સામે રાહતના પણ સમાચાર મળી રહ્યાં છે. આજે એકસાથે ૧૦૭ દર્દીઓ કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. ત્યારે એક્ટીવ કેસની સંખ્યા વધીને ૮૫૧ ને પાર થઈ ચુંક્યો છે. દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૫૪૪૭ ને પહોંચી ગયો છે.

**દાહોદમાં કોરોનાના કેસની સંખ્યા**

: અર્બન વિસ્તારો :
દાહોદ-૧૮
ઝાલોદ-03
દે.બારીઆ-0૬

: ગ્રામ્ય વિસ્તારોમાં :
દાહોદ-0૯
ઝાલોદ-૧૨
દે.બારીયા-૧૫
લીમખેડા-0૬
સીંગવડ-0૬
ગરબાડા-૧૯
ધાનપુર-૧૧
ફતેપુરા-૧૧
સંજેલી-03

# દાહોદ જિલ્લા પંચાયતના સભ્યો, તાલુકા પંચાયતના પ્રમુખો સાથે કોરોનાના નિયંત્રણ બાબતે બેઠક યોજતા પ્રભારી મંત્રી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદના પ્રભારી મંત્રી ગણપતસિંહ વસાવાએ જનપ્રતિનિધિઓને આહ્વાન કરતા જણાવ્યું કે કોરોના મહામારીએ જનસેવા કરવાની તક આપી છે. જનપ્રતિનિધિઓ લોકોના ઘર સુધી પહોંચી, તેના સ્વાસ્થ્યની સંભાળ લેવાની સાથે આરોગ્ય તંત્રની સાથે ખભેથી ખભે મિલાવીને કામ કરે.

અહીંના માર્કેટિંગ યાર્ડ ખાતે જિલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયતના પ્રમુખો સહિતના હોદ્દેદારો સાથે યોજાયેલી બેઠકમાં માર્ગદર્શન આપતા વનમંત્રી વસાવાએ કહ્યુંકે, કોરોના મહામારીએ માનવીય સંવેદનાને જાગૃત કરી દીધી છે તો બીજી બાજુ તેના કારણે જનજીવનને પણ વ્યાપક અસર થઈ છે. આવા સમયે જનપ્રતિનિધિઓની નૈતિક ફરજ બને છે કે, તેઓ પોતાના વિસ્તારના તમામ ઘરો સુધી પહોંચી જનઆરોગ્યની દરકાર કરે.

કોરોના સંક્રમણને કાબુમાં લેવા માટે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા શરૂ કરવામાં આવેલા અભિયાન મારૂ ગામ, કોરોનામુક્ત ગામની વિભાવના સ્પષ્ટ કરતા મંત્રીએ ઉમેર્યું કે, હવે રાજ્ય સરકાર દ્વારા તમામ ગામોમાં આઈસોલેશન કેન્દ્ર બનાવવામાં આવી રહ્યા છે. દાહોદ જિલ્લામાં આવા સેન્ટર બની ગયા છે. ગામમાં શંકાસ્પદ તમામ નાગરિકોના આરોગ્યની તપાસ થાય અને જરૂર પડે તો તેને આઈસોલેટ કરવામાં આવે તે જરૂરી છે. આ કાર્યક્રમમાં ગામના સરપંચો, પંચાયત સદસ્યો આરોગ્ય વિભાગની ટીમો સાથે રહીને કામ કરે અને એક પણ વ્યક્તિ આરોગ્ય ચકાસણી વિના રહે નહીં તેની ખેવના રાખવી પડશે.

રાજ્ય સરકાર દ્વારા દાહોદ જિલ્લાને જરૂરી તમામ આરોગ્યલક્ષી સહાય કરવામાં આવી રહી છે, તેમ કહેતા વસાવાએ કહ્યું કે, કોરોના સામે લોકો જ્યાં સુધી જાગૃતિ નહીં આવે ત્યાં સુધી સરકાર દ્વારા લેવાયેલા તમામ પગલાં અધુરા છે. આદિવાસી વિસ્તારમાં નાગરિકોમાં કોરોના સામે રસીકરણ પ્રત્યેની જાગૃતિ વધે એવા કાર્ય કરવાની તેમણે હિમાયત કરી હતી.

રાજ્ય મંત્રી બચુભાઈ ખાબડ તથા સાંસદ જસવંતસિંહ ભાભોરે પણ આવશ્યક માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું.
પ્રભારી મંત્રી એ ઝાયડસ હોસ્પિટલની મુલાકત લીધી અને વિડીયોકોલ દ્વારા દર્દી સાથે વાર્તાલાપ કર્યા હતા આ વેળા એ કલેકટર વિજય ખરાડી જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજ,આરોગ્ય અધિકારી,ઝાયડસના સંજીવ કુમાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ વેળાએ શંકરભાઈ અમલિયાર, સુધીરભાઈ લાલપુરવાળા, જીથરાભાઈ, નરેન્દ્રભાઈ સોની, પરવતભાઈ ડામોર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદ જીલ્લામાં વિલેજ કેર સેન્ટર શરૂ કરાયા પરંતુ તેમાં ઓકસીજનની સુવિધા મળી શકશે ખરી ?

દે.બારીયા,
ગુજરાત સ્થાપના દિવસે સમગ્ર રાજ્યમાં મારૂં ગામ કોરોના મુક્ત ગામ અભિયાન શરૂ કરવામાં આવ્યા છે. જેથી દરેક ગામડામાં કોવિડ-૧૯ કેર સેન્ટર શરૂ થાય એ માટેની કામગીરી કરવામાં આવી રહી છે. તે શાણપણનું પગલું આવકારદાયક છે. પરંતુ એક સવાલ ઉપસ્થિત છે અને પડકારદાયક પણ છે. ઓકસીજન મળી શકશે ? કે જેમ મોટા શહેરોમાં વેન્ટીલેટર તથા ઓકસીજન માટે પેશન્ટના સગાસંબંધી દર દર ભટકે છે. તો પણ ઓકસીજનના સીલીન્ડર મળતા નથી અથવા મળે છે. તેને પોતાના માથા ઉપર ઉંચકવાનોવારો છે શું ? આના ઉપર થી નથી લાગતું ક આપણી હેલ્થની સીસ્ટમ ખોટ ખાયલી છે. નોટબંધી થી શરૂ થયેલી લાઈનો કોરોનાકાળ થી મૃત્યુ પામેલા મૃતદેહોને શાંતિધામોમાં પણ લાઈનો લાગી રહી છે. આ સ્મશાનગૃહ સુધીની લાઈનો ભગવાન હવે સમાપ્ત કરે તેવી ઈશ્વરને પ્રાર્થના છે.

મળતી માહિતી અનુસાર દાહોદ જીલ્લામાં કોરોના સંક્રમણના ૭૦ ટકા કેસો ગ્રામીણ માંથી આવવા માંડયા છે. જેથી દાહોદ જીલ્લાના ૬૯૯ ગામોમાં ૭૪૭ વિલેજ કોવિડ કેર સેન્ટર યુદ્ધના ધોરણે શરૂ કરાયા છે. દાહોદ જીલ્લાની આપણે વાત કરીએ તો હાલમાં ૭૦ ટકા કેસો ગામડામાં અને ૩૦ ટકા જેટલા કેસો શહેરોમાં નોંધાઈ રહ્યા છે. તે માટે દરેક દરેક તાલુકા હેલ્થ ઓફિસ, મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીઓને આની જવાબદારી સોંપવામાં આવી છે. પહેલા તલાટીઓ એ જવાબદારી બરોબર નિભાવી નથી હવે આ લોકો કેવી જવાબદારી નિભાવશે. તે તો આવનારો સમય જ બતાવશે.

## ફતેપુરાના સરનેચા ગામે સામાન્ય બાબતે વૃધ્ધાને કુહાડીનું મુંદર મારી હત્યા કરી

દાહોદ,
ફતેપુરા તાલુકાના નાના સરનેચા ગામે ચકચારી બનાવ સામે આવ્યો છે. જેમાં એક ઈસમે લાકડા કાપવા બાબતે બોલાચાલી કરી આવેશમાં આવી જઈ એક ૫૭ વર્ષીય વૃદ્ધાને માથાના ભાગે કુહાડીની મુદર મારી ઘટનાસ્થળ પર જ મોતને ઘાટ ઉતારી દેતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

ગત તારીખ ૧ મેના રોજ નાના સરનેચા ગામે રહેતા માનસિંગભાઈ માલાભાઈ ડામોરે પોતાના જ ગામમાં રહેતી એક ૫૭ વર્ષીય વૃદ્ધા કમલીબેન માનસિંગભાઈ ડામોરના ઘરે ગયો હતો અને ત્યાં જઈ ખેતરના સેઢા ઉપર ગાન્ડા બાવળાના લાકડા કાપવા બાબતે કમળીબેન સાથે ઝઘડો તકરાર કરી એકદમ ઉશ્કેરાઇ જઈ આવેશમાં આવી પોતાની સાથે લાવેલ કુહાડીની મુદર કમલીબેનને માથાના પાછળના ભાગે મારી ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચાડતા કમલીબેનના પ્રાણ પંખેરૂ ઘટનાસ્થળ પર જ ઉડી ગયા હતા.

આ સંબંધે નાના સરનેચા ગામે રહેતા પ્રવેશભાઈ માનસિંગભાઈ ડામોરે ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ઝાલોદના કારઠ ગામે ખાનગી કલીનીકમાં સરકારી રેપિડ એન્ટજન કીટ તથા ટેસ્ટ માટે વધુ ફી વસુલતા આરોગ્ય વિભાગે રેડ કરી બે વ્યકિત ઝડપ્યા

દાહોદ,
ઝાલોદ તાલુકાના કારઠ ગામે આવેલી એક ખાનગી ક્લિનિકનો ચકચારી બનાવ સામે આવ્યો છે. જેમાં ક્લિનિકના તબીબ દ્વારા પોતાના ક્લિનિકમાં ગેરકાયદેસર રીતે સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવેલી બાયોકાર્ડ pro covid-19 રેપિડ એન્ટીજન કીટ રાખી તથા રેપિડ ટેસ્ટ કરવાની વધારે કિંમત વસૂલતા આ અંગેની જાણ ઝાલોદના આરોગ્ય ખાતાના હેલ્થ ઓફિસરને થતા તેઓએ પોલીસને સાથે રાખી આ ક્લિનિક ઓચિંતી રેડ કરતા પોલીસે આ ક્લિનિકના તબીબને ઝડપી પાડ્યો હતો. તેની પૂછપરછ કરતા આ રેપિડ ટેસ્ટ કીટનો જથ્થો ઝાલોદ તાલુકાના ગોવિડના એક નોડલ ઓફિસરે આપ્યો હોવાનું ખુલાસો કરતાં ખળભળાટ મચી જવા પામ્યો છે ત્યારે પોલીસે બંને વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કોરોના મહામારી મામલે દાહોદ જિલ્લો પણ બાકાત રહ્યો નથી. ત્યારે બીજી તરફ છેલ્લા કેટલાક દિવસથી જિલ્લામાં રેપિડ ટેસ્ટ ખૂટી જવાની ભારે બૂમો ઉઠવા પામી છે અને જેને પગલે રેપિડ ટેસ્ટ કરાવવા લોકોને ધરમના ધક્કા ખાવા પડી રહ્યા છે તેમજ લોકો હેરાન પરેશાન પણ થઈ રહ્યા છે. રેમડેસીવર ઈન્જેકશનની કાળાબજારી થતી હોવાની પણ છડેચોક બૂમો વચ્ચે હવે તો રેપિડ ટેસ્ટ કીટની પણ કાળાબજારી થઈ રહી હોય તેમ લાગી રહ્યું છે. આવો જ એક બનાવ ઝાલોદ તાલુકાના નાનકડા ગામ એવા કારઠ ગામે સામે આવ્યો છે. જેમાં ગત તારીખ બીજી મેના રોજ કારઠ સામે આવેલ શ્રદ્ધા સબુરી ક્લિનિકમાં કરણભાઈ અરવિંદભાઈ દેવડા (રહે.કારઠ રોડ, લીમડી અમીકુંજ સોસાયટી, તાલુકો ઝાલોદ,જિલ્લો દાહોદ) નો પોતાના ક્લિનિકમાં ગેરકાયદે રીતે સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવેલી બાયોકાર્ડ પ્રો ભજ્ઞદશમ-૧૯ રેપિડ એન્ટીજન કીટ રાખી તેમજ રેપિડ ટેસ્ટ કરવાની વધારે કિંમત વસૂલતો હતો. જે અંગેની જાણ ઝાલોદ તાલુકા આરોગ્ય અધિકારી ધીરેન્દ્રકુમાર હનુમાનપ્રસાદ પાંડેને થતા તેઓએ આ બાબતની જાણ પોલીસને કરી હતી અને પોલીસને સાથે ગત તારીખ ૨જી મેના રોજ આ ક્લિકમાં ઓચિંતો છાપો મારી સરકાર દ્વારા ઈશ્યૂ કરવામાં આવેલ રેપિડ ટેસ્ટ કરવાની કીટનો જથ્થો ઝડપી પાડયો હતો. આ બાબતે અટકાયત કરવામાં આવેલ કરણભાઈની પોલીસે પૂછપરછ કરતાં કીટ ક્યાંથી અને કોની પાસેથી લાવેલ, તેમ પૂછતાં કરણભાઈએ જણાવેલ કે, ઝાલોદ તાલુકાના covidના નોડલ ઓફિસર ધર્મેશ વી. ચૌહાણ ( આર.બી એસ.કે.મેડિકલ ઓફિસર) પાસેથી લાવેલ હોવાનું જણાવ્યું હતું.

લીમડી પોલીસે આ સમગ્ર મામલે કરણભાઈ અરવિંદભાઈ દેવડા અને ઝાલોદ તાલુકાના covid ઓફિસર ધર્મેશભાઈ વી.ચૌહાણ વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ કોરોના ગાઈડ લાઈનના ભંગમાં પાલિકા ટીમે ૮ દુકાનો સીલ કરી


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ શહેર સહિત જિલ્લામાં કોરોના દિનપ્રતિદિન વકરી રહ્યો છે. ત્યારે એક્શનમાં આવેલ નગરપાલિકા ટીમ અને પોલીસ તંત્ર દ્વારા છેલ્લા કેટલાક દિવસોથી દાહોદમાં કોરોના ભંગ બદલ વેપારીઓ સામે લાલ આંખ કરી દુકાનો સીલ કરવામાં આવી રહી છે. ત્યારે આજે એકસાથે આઠ દુકાનોને સીલ કરી દેતા ચકચાર મચી જવા પામી છે.

કોરોના સામે લડવા માટે દાહોદ જિલ્લા વહીવટી તંત્ર,પોલીસ તંત્ર તેમજ નગરપાલિકા એક જૂથ થઈ સઘન કામગીરી કરી રહી છે અને જિલ્લાની પ્રજાને પણ આ કોરોનાની લડાઈમાં સાથ સહકાર આપવા વિનંતીઓ સહિત અપીલ પણ કરાઈ રહી છે. ખાસ કરીને દાહોદ શહેરમાં સ્વૈચ્છિક lockdownની જાહેરાત પણ કરવામાં આવી છે અને આ lockdownમાં માત્ર દવાઓની દુકાનો, કરીયાણાની દુકાન અને ફળ ફૂટની દુકાનોને સમય મર્યાદા સુધી છૂટછાટ આપવામાં આવી છે, પરંતુ ઘણા બિનજરૂરી દુકાનદારો તેમજ વેપારીઓ તંત્રને સાથ અને સહકાર ન આપી અને પોતાની મરજી ચલાવી દુકાનો ખુલ્લી રાખતાં પાલિકા તંત્ર અને પોલીસ તંત્ર હરક્તમાં આવ્યું છે અને અગાઉ કેટલીક દુકાનોને કોરોના guidelineના ભંગ બદલ શીલ પણ કરવામાં આવી હતી. ત્યારે આજે દાહોદ શહેરની આઠ જેટલી વધુ દુકાનોને સીલ કરી દેવાતા લોભિયા વેપારીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. આ આઠ દુકાનો પૈકી સ્ટેશન રોડની ૬ દુકાનનો સમાવેશ થાય છે અને એમ.જી.રોડની બે દુકાનો. સીલ કરવામાં આવેલ ૮ દુકાનો પૈકી ખુશ્બુ ફેશન સેલ, હુંતેબ ટ્રેડીંગ કુ. ક્રિષ્ના કોમ્યુનિકેશન, જાની મોબાઈલ,ભાગ્યલક્ષ્મી કંગન સ્ટોર, ફેન્સી કંગન સ્ટોર, નિર્મલ ફેશન અને સોનારા ઈમીટેશન આ સીલ કરવામાં આવેલ દુકાનોનો સમાવેશ થાય છે.

## સહયોગ ક્રેડીટ સોસાયટી દ્વારા ૫૦૦ PPE કિટ્સનું દાન



દાહોદ,
દાહોદની સહકારી ક્ષેત્રની સહયોગ ક્રેડીટ કોઓપરેટિવ સોસાયટી કોરોનાકાળમાં આરોગ્યસેનાનીઓની દરકાર લેવામાં આગળ આવી છે અને તેમના દ્વારા આરોગ્યસેનાનીના ઉપયોગ માટે ૫૦૦ પીપીઇ કિટ્સનું દાન કરવામાં આવ્યું છે.

પંછી પાની પીને સે ના ઘટે સરિતા નીર, ધરમ કિએ ધનના ઘટે સહાય કરે રઘુવીર, એ ચોપાઇને ઘ્યાને રાખીને સહયોગ ક્રેડીડ કોઓપરેટિવ સોસાયટીના ગોપાલભાઇ ધાનકા અને અન્ય સહકારી અગ્રણીઓએ આ પીપીઇ કિટ્સનું દાન નિવાસી અધિક કલેક્ટર મહેશ દવેને અર્પણ કરવામાં આવ્યું હતું.

## દાહોદ જીલ્લામાં બે માર્ગ અકસ્માતમાં ત્રણ વ્યકિતના મોત

દાહોદ,
દાહોદ જિલ્લામાં બે જુદી જુદી જગ્યાએ વાહન ચાલકોની ગફલતને કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતના બે બનાવોમાં ત્રણ જણાના અકાળે મોતને પગલે પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. જ્યારે અન્યને શરીરે ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ ગરબાડા તાલુકાના શાહડા ગામે ગત તા.બીજી મેના રોજ બનવા પામ્યો હતો જેમાં એક ફોર વીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ત્યાંથી પસાર થઇ રહેલા બે મોટરસાયકલોને અડફેટમાં લઇ જોશભેર ટક્કર મારતા બંને મોટરસાયકલ પર સવાર અરવિંદભાઈ પરમાર અને બીજી મોટરસાયકલ પર સવાર મનુભાઈ રૂમાલભાઈ બંને મોટર સાયકલ પરથી ફંગોળાઇ જમીન પર પટકાયા હતા. જેને પગલે તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે બંનેના કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. આ સબંધ દાહોદ તાલુકાના દસલા ગામે પીર ફળિયામાં રહેતા રમેશભાઈ રૂમાલભાઈ પરમારે ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ ધાનપુર તાલુકાના રાછવા ગામે ગત તારીખ ૨જી મેના રોજ બનવા પામ્યો હતો. જેમાં એક ટ્રેક્ટરના ચાલકે પોતાના કબજાની ટ્રેક્ટર પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી પસાર થઈ રહ્યો હતો. તે સમયે રાછવા ગામેથીજ પસાર થઇ રહેલ ભાવસિંગભાઈ કાળુભાઈ સંગાડા અને તેમની પત્ની અંજનાબેન બંને એક મોટરસાયકલ પર સવાર થઈ પસાર થઇ રહયા હતા. આ દરમિયાન ટ્રેકટરના ચાલકે પોતાના કબજાની ટ્રક પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી આ ભાવસિંગભાઈની મોટરસાયકલને અડફેટમાં લેતા ભાવસિંગભાઈ અને તેમની પત્ની અંજનાબેન બંને મોટરસાઈકલ પરથી જમીન પર પટકાયા હતા. જેને પગલે ભાવસિંગભાઈ ને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેઓને ઘટના સ્થળ પર જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ સંબંધે ઈજાગ્રસ્ત અંજનાબેન ભાવસિંગભાઈ સંગાડાએ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ટ્રેક્ટર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# આયતુલ-કુર્સી કી (૧૦) ફઝીલતે

૧. જો શખ્સ આયતુલ કુર્સીકો એકબાર મલહેગા, ઉસકા નામ અશિકિયા (બદબખ્ત લોગો) કે દફતર મેં સે નિકાલ દિયા જાએગા.
૨. દો મરતબા પબહનેવાલે કા નામ શહીદો કે દફતર મેં લિખા જાએગાય.
૩. તીન બાર પબહનેવાલે કે લિયે ફરિશ્તે બી-શિશકી દુઆ કરેગે.
૪. ચારબાર પબહને વાલે કે શિફારિસ બળે બળ આંબિયા કરેગે.
૫. પાંચ બાર પબહનેવાલે કા નામ “ અબરાર” કે દફતર મે લિખા જાએગા.
૬. છેહ બાર પબહનેવાલે કે લિયે મગફેરત કી દુઆ તમામ દરીયા કી તમામ મછલીયા કરેગી.
૭. સાતબાર પબહનેવાલે કે લિયે દોઝખ કે સાતો દરવાજે બંધ કર દિયે જાએગે.
૮. આઠબાર પબહનેવાલે કે લિયે જન્નત કે આઠો દરવાજે ખોલ દિયે જાએગે.
૯. નવબાર પબહનેવાલે કે લિયે દોનો આલમ કે તમામ મકાસિદ પૂરે હોંગે.
૧૦. દરબાર પબહને વાલે કી તરફ ખુદ અલ્લાહ જલ્લ શાહનુકુ રહમત ભરી નઝર ફરમાએગા ઔર કભીભી અઝાબમે મુબ્તલા નહી કરેગા (મજાલિસુલ-અબરાર)
**- ૧૦૦ હાઝતે પૂરી હોગી**
- હુઝુર અલ્લાહો અલૈહિ વસ્સલ્લમને ફરમાયા જો મુજ પર જુમ્મા કી રાત ઔર જુમ્મા કે દિન મેં ૧૦૦ મરતબા દુરૂદશરીફ પબહેગા અલ્લાહતાલા ઉસકી ૧૦૦ હાજતે પુરી ફરમાએગા ૭૦આ ખેરતકી ઔર ૩૦ દુનિયા કી (શિઅબુલ ઈમાન) (બહવાલા શૈયુબ ઈસ્લામ મદની કલેન્ડર મેં ૨૦૨૧ માંથી)

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

**તા.૪/૫/૨૦૨૧ ચાંદ-૨૧ માહે રમઝાન**
**ખત્મે શહેરી ૪:૨૪ સવારે.**
**વકતે ઈફતાર ૭:૦૭ સાંજનો સુર્યાસ્ત.**
**આ ટાઈમ પંચમહાલ તથા દાહોદ જીલ્લાના પુરતો છે.**

# ચેતતો નર સદા સુખી


જીજ્ઞા કપુરીયા (નિયતી)

મિત્રો બાજ પક્ષીથી આપણે કોઈ અજાણ નથી પણ એક અત્યંત આશ્ચર્યજનક વાત આજે હું આપને કહું છું.
જે મહાભારતથી જોડાયેલી છે. મહાભારતમાં પિતામહ ભીષ્મએ આ બાજ ઉપર એક સરસ વાત કહી છે.

આપણે મનુષ્યો અમુક ઉંમરે પહોંચીએ ત્યાં હાર માની લઈએ છીએ! આપણાં શરીરનું દયાન આપણે રાખતાં નથી, જયારે બાજ પક્ષી ૭૦ વર્ષની આયુ ધરાવે છે, ચાલીશ વર્ષે પહોંચે ત્યારે એની ચાંચ કમજોર થઈ જાય.અને પગના પંજાની પકડ નબળી પડી જાય.. પાંખોનાં પીંછા ખરી પડે. ત્યારે એ પોતાની જાતે પાંચ થી છ મહિના માટે કોઈ ઊંચાઈ ઉપર પોતાનું રહેઠાણ બનાવી લે છે અને ત્યાં મહિનાઓ સુધી એકાંતમાં કાઢે છે અને રોજ ચાંચ પછાડી પછાડીને તોડી નાખે!

પગના પંજા પણ એ રીતે કાઢી નાખે અને પોતાની પાંખનાં પીંછા પણ એજ રીતે જાતે ખેંચી નાખે ! છ મહિના ખૂબ કષ્ટ આપે પોતાના શરીરને આવી કષ્ટદાયક યાતના સાથે મૃત્યુની પ્રતિક્ષા કરે પણ કુદરતની બલિહારી જુઓ છ મહિના બાદ એક નવી જિંદગી મળે. એને ફરીથી ચાંચ ઉગી નીકળે છે અને નવા પંજા અને પીંછા પ્રાપ્ત થાય છે ફરીથી એ નવજીવન મેળવીને બાકીનાં વર્ષ શાંતિની જિંદગી જીવે છે. બાજ પક્ષીને પ્રભુનું વરદાન છે!

આપણે બાજ પક્ષીની જેમ આપણાં શરીરને કષ્ટ કે પીડા તો આપી નથી શકતાં પણ આપણે ઋષિમુનીઓએ આપેલાં મહામૂલ્ય યોગશાસ્ત્રનું પાલન કરી આપણાં જીવનમાં યોગનું મહત્વ સમજીને સ્થાન આપશું તો આ કોરોનાકાળમાં કોરોનાને મહાત આપીને આપણે દીર્ઘાયુ બની એક સ્વસ્થ જીવન અવશ્ય વ્યતિત કરી શકીએ. આ કોરોના શું છે ? શું એ ખરેખર છે? કે પછી ભ્રમણા આ સવાલો કરવાં કરતાં આપણી પાસે આયુર્વેદનો ખજાનો છે જે આપણાં પૂર્વજો આપી ગયાં એનો પ્રયોગ કરવો જોઈએ આ આજના આ કાળની કે સમયની માંગ છે કહેવત છે ને “ચેતતો નર સદા સુખી”....

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 213

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા શહેરના બગીચા રોડ ઉપર પાલિકાની શોપીંગ સેન્ટરમાં

# અમિત ટ્રેડર્સ દ્વારા કરાયેલ ગેરકાયદેસર દબાણને પાલિકાએ તોડી પાડ્યું

ગોધરા,

ગોધરા શહેર બગીચા રોડ ઉપર આવેલ નગર પાલિકાની શોપીંગ સેન્ટરમાં દુકાન ઘરાવતા દુકાનદાર દ્વારા પાલિકાની મંજુરી વગર ગેરકાયદેસર રીતે તળાવના ભાગે દુકાનને લંબાવી દેવામાં આવી હતી અને બાંધકામ કરવામાં આવ્યું હતું. પાલિકાના ધ્યાનમાં આવતાં દુકાનદારને નોટીસ આપવામાં આવી હતી. તેમ છતાં દુકાનદાર દ્વારા ગેરકાયદેસર દબાણ દુર નહિ કરતાં આજરોજ નગર પાલિકા દ્વારા અમિત ટ્રેડર્સની પાછળનું વધારાનું દબાણ તોડી નાખવામાં આવ્યું હતું. નગર પાલિકાના પ્રમુખ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીને




નગરજનોએ વખાણી હતી.

ગોધરા શહેરની મધ્યમમાં આવેલ રામ સાગર તળાવની ફરતે નગર પાલિકાનું શોપીંગ સેન્ટર બાંધી દેવામાં આવતાં દેશમાં એકમાત્ર રામ સાગર તળાવ ચારેતરફ થી બાંધકામ કરીને ઢાંકી દેવામાં આવ્યું છે. ગોધરા નગર પાલિકાના શોપીંગ સેન્ટરની જે તે સમયે નિયત ૧૫ બાય ૨૦ થી દુકાનો બનાવવામાં આવી હતી. તેવી દુકાન ધરાવતા દુકાનદારો એ નગર પાલિકાના તત્કાલીન સત્તાધિશોની સાથે સાંઠગાંઠ કરીને મોટાભાગની દુકાનો તળાવના અંદરના ભાગે લાંબી કરી દેવામાં આવી છે. જેને લઈ તળાવનું પુરણ વધી રહ્યું છે. અને તળાવ સંકોચાઈ રહ્યું છે. રામ સાગર તળાવની ફરેત બ્યુટીફિકેશન કામગીરી થનાર હતી પરંતુ તળાવની ફરતે પાકા બાંધકામ આવેલ છે. તેમાં પણ નિયત બાંધકામ કરતાં દુકાનો લાંબી કરીને તળાવના કિનારા જેવું રાખવામાં આવ્યું નથી. પાલિકા સત્તાધિશોની અણઆવડતને લઈને ગોધરા શહેરના નગરજનો બ્યુટીફિકેશન જેવી સુવિધા થી વંચિત રહ્યા છે.

### પાલિકા પ્રમુખ તરીકે ગેરકાયદેસર દબાણ માટે કરેલ કાર્યવાહીથી નગરજનો ખુશ.

ગોધરા રામ સાગર તળાવની ફરતે બાંધકામ કરીને તળાવની સુંદરતાને નષ્ટ કરી દેવામાં આવી છે. તે ઓછું હોય તેમ બગીચા રોડ ઉપર પાલિકા શોપીંગ સેન્ટરમાં દુકાન ધરાવતા પાંચ દુકાનદારો દ્વારા પાલિકાની મંજુરી વગર દુકાનો લંબાવવામાટે તળાવના અંદરના ભાગે બાંધકામ કરવામાં આવી રહ્યું હતું. જ્યારે મારૂતી ગેસ્ટ હાઉસ સામે ઓલ અમિત ટ્રેડર્સ ભાગની દુકાન ધરાવત દુકાનદારે તો નગર પાલિકાનું કોઈ અસ્તિત્વ ન હોય તેમ પાલિકા માંતથી કોઈપણ જાતની પરવાનગી કે મંજુરી મેળવ્યા વગર તળાવના અંદરના ભાગે બે દુકાનો લંબારી દેવામાં આવી હતી અને ધાબુ પણ મારી દેવામાં આવ્યું હતું. ગોધરા નગર પાલિકાના પ્રમુખના ધ્યાનમાં આવતાં દુકાનદારને ગેરકાયદેસરનું બાંધકામ રોકવા માટે નોટીસ આપવામાં આવી હતી અને દબાણ દુર કરવા સુચન કરવામાં આવ્યું હતું. તેમ છતાં વધારાના બાંધકામવાળું દબાણ દુર નહિ કરતાં પાલિકા તંત્ર દ્વારા આજરોજ અમિત ટ્રેડસનું વધારાનું દબાણ તોડી નાખવામાં આવ્યું હતું. નગર પાલિકાના પ્રમુખ દ્વારા તળાવના ભાગે થતાં ગેરકાયદેસરના દબાણને દુર કરવાની મકકમતા દર્શાવીને જે કામગીરી કરવામાં આવી છે. તેને નગરજનો એ બિરદાવી છે. પાલિકા પ્રમુખ તરીકે પ્રજાહિત અને નગરહિતમાં કાર્ય કરતા રહે તેવી પણ આશા વ્યકત કરી છે.

# પંચમહાલ જીલ્લામાં સોમવારે ૫૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા




ગોધરા,

પંચમહાલ જીલ્લા કોરોનાની બીજી લહેરમાં પ્રભાવિત થયો છે. જીલ્લામાં પ્રતિદિન કોરોના સંક્રમણના કેસ વધી રહ્યા છે. વધતા જતાં કોરોના સંક્રમણને અટકાવવા માટે આંશિક લોકડાઉન લાગુ કરવામાં આવેલ આવશ્યક ચીજ વસ્તુ સિવાયના ધંધા રોજગાર બંધ રાખવા માટે વેપારીઓ સાથે મળીને વહીવટી તંત્ર દ્વારા સ્વૈચ્છિક બંધ રાખવામાં આવ્યા છે. જેને લઈ કોરોના કેસમાં થોડો ઘણો ઘટાડો જોવા મળી રહ્યો છે. પંચમહાલ જીલ્લામાં આજરોજ ૫૬ ૫૬ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. જેમાં શહેરી વિસ્તારમાં ૨૫ ગ્રામ્ય વિસ્તારમાં ૩૧ પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. જેની સામે હોસ્પિટલમાં કોરોના સારવાર લેતાં ૧૭૮ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થતાં રજા અપાઈ છે. જીલ્લામાં કોરોના સારવાર લઈ રહેલા દર્દીઓનો રીકવરી રેટ વધ્યો છે. જેને લઈ આરોગ્ય વિભાગમાં રાહત જોવા મળી છે.

પંચમહાલ જીલ્લામાં કોરોનાની બીજી લહેરની અસર ઘાતક જોવા મળી હતી. પ્રતિદિન કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા વધી રહી હતી. તે જોતાં જીલ્લાનું આરોગ્ય તંત્ર ચિંતામાં મુકાયું હતું. કોરોનાની બીજી લહેરમાં કોરોના સંક્રમણના કેસમાં વધારો થઈ રહ્યો હતો. સાથે બીજી લહેરની ઘાતક અસરને લઈ કોરોના સંક્રમણનો ભોગ બનેલ દર્દીઓના મૃત્યુઆંક પણ વધી રહ્યો હતો. કોવિડ હોસ્પિટલમાં કોરોના સંક્રમિત દર્દીઓ સારવાર માટે દાખલ થતાં હતા. તેવા દર્દીઓના રીકવરી રેટ ખૂબ નહિવત જોવા મળતાં વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર ચિંતીત બન્યું હતું. ત્યારે છેલ્લા બે દિવસ થી પંચમહાલ જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવતં ડેઈલી રિપોર્ટના આંકડા અનુસાર પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણના કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. જીલ્લાના કોવિડ હોસ્પિટલમાં કોરોના સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી આજરોજ ૧૭૮ દર્દીઓ કોરોનાને માત આપીને સાજા થતાં હોસ્પિટલમાંથી રજા અપાઈ છે. જીલ્લામાં કોરોના સારવાર લઈ રહેલા દર્દીઓના રીકવરી રેટ વધતાં લોકોમાં કોરોનાનો ભય સતાવી રહ્યો છે. તેમાંથી રાહત મળશે. જીલ્લામાં આજરોજ ૫૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. જેમાં શહેરી વિસ્તારમાં ૨૫ અને ગ્રામ્ય વિસ્તારમાં ૩૧ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. જીલ્લામાં કોરોનાનું સંકટ ટળ્યું નથી. કોરોના સંક્રમણથી બચવા માટે માસ્કનો અવશ્ય ઉપયોગ કરો તેમજ સોશ્યલ ડિસ્ટન્સ જાળવીને સંક્રમણ થી પોતે અને પરિવારને સુરક્ષિત રાખીએ એ શ્રેષ્ઠ ઉપાય છે.

**પંચમહાલ જીલ્લામાં કોરોનાની આજની સ્થિતી**

**: શહેરી વિસ્તાર :**
ગોધરા–૧૭
હાલોલ – ૦૮

**: ગ્રામ્ય વિસ્તાર :**
ગોધરા – ૦૪
હાલોલ – ૦૩
કાલોલ –૧૧
મોરવા(હ) – ૦૯
ઘોઘંબા – ૦૩
જાંબુઘોડા – ૦૧

**આજના પોઝીટીવ કેસ - ૫૬**
**સક્રિય કેસ - ૭૭૬**
**સાજા થતાં રજા - ૧૭૮**
**મૃત્યુઆંક - ૦૦**

## શહેરા BOB બેંકમાં કોરોના ગાઈડ લાઈનના પાલનનો અભાવ

શહેરા,

શહેરા બેંક ઓફ બરોડા ખાતે ભીડ ભાડવાળા દ્રશ્ય ને જોતા કોરોના નું સંક્રમણ વધે તો નવાઈ નહી. બેંક ની બહાર છાયડો નહી હોવાથી ખાતેદારો તાપમાં ઉભા રહેતા હોવાથી ગરમીમાં ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

શહેરા બસ સ્ટેશન ની સામે આવેલ બેંક ઓફ બરોડા ખાતે સવારથી જ ખાતેદારો રૂપિયા ઉપાડવા માટે અને બેન્ક ના કામ અર્થે આવ્યા હતા. બપોરના સમયે તડકો વધુ હોવા છતાં બેંક ખાતે ખાતેદારોની લાંબી લાઈન લાગેલ જોવા મળી રહી હતી. બપોરના


તસ્વીર : તુષાર દરજી, શહેરા

સમયે વધુ ગરમી હોવા છતાં ખાતેદારોના હિત માટે પણ બેંક દ્વારા મંડપ બાંધવામા આવ્યો નથી. ખાતેદારોને રૂપિયાની જરૂરિયાત હોવાથી નાછૂટકે ધમધોખતા તાપમાં પણ લાઈનમાં ઉભા રહેતા હોય છે. બેક ખાતે કોરોનાના ગાઈડલાઈનના નિયમોનું પાલન થઈ રહયુ નથી, જોકે બેંક ખાતે લાંબી લાઈનોમાં ઉભેલા ખાતેદારોમાં પણ જાગૃતતાનો અભાવ જોવા મળ્યો હતો. બેંક ખાતે ખાતેદારો ને કોરોના નો કોઈ જ ડર નહી હોય કે શું? લાઈનમાં ઉભેલા કોઈ ખાતેદાર કોરોના સંક્રમણ પણ હોઈ શકે છે. ત્યારે ખાતેદારો એ પણ હાલની પરિસ્થિતિ ને જોતાં થોડું અંતર રાખીને ઉભા રહેવું જોઈએ તે જરૂરી બન્યુ છે. બેંકો અને બજારોમાં ભીડભાડ હોવા છતાં સ્થાનિક તંત્ર દ્વારા આ બાબત ને ગંભીરતા થી નહી લેવામાં આવેતો કોરોનાનું સંક્રમણ ઘટવાની જગ્યા એ વધે તો નવાઈ નહી.

## કાલોલ નગરમાં કોરોના કેર સામે નગરપાલિકાનું સેનેટાઈઝરનું મશીન ધુળખાઈ રહ્યું


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

દેશભરમાં કોરોના મહામારીમાં કોવિડ–૧૯ના વધતાં જતાં કેસોની ઠેર–ઠેર ચિતાઓ નજરે ચઢે છે.કોરોના કેસો દિન–પ્રતિદિન શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વધતાં જઈ રહ્યા છે. આરોગ્ય વિભાગ પણ વધતાં કેસોને ડામવા માટે તનતોડ મહેનત કરી રહ્યું છે. પરંતુ હાલમાં કાલોલ નગરમાં આવેલી સરકારી કચેરીઓમાં અરજદારોનો ઘસારો જોવા મળી રહેતો હોય છે.તદ ઉપરાંત કાલોલ બજારમાં હજુ પણ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં માંથી લગ્નો અને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદવા ગ્રાહકોનો ઘસારો જોવા મળી રહ્યો છે. જોંકે સૌ પ્રથમ તબક્કામાં કોરોના સામે લડત આપવા માટે સેનેટાઈઝરનો ભરપુર છંટકાવ થતો હતો.પરંતુ હાલ કોરોના મહામારીના બીજા તબક્કામાં વધતાં કેસો સામે જાહેર સ્થળો ઉપર નગરપાલિકા દ્વારા કોઈ સેનેટાઈઝરની વ્યવસ્થા જરૂર પ્રમાણે જોવાં મળી રહી નથી. હાલ કાલોલ નગરપાલિકા પાસે કાયેરત સેનેટાઈઝર મશીન ધુળ ખાતું કેમેરાની કેદમાં ઝડપાયા રહ્યું છે.જેના પગલે કાલોલ નગરની જનતાની એક માંગ ઉપસ્થિત થઈ છે કે પાલિકા વહીવટી તંત્ર દ્વારા કોરોના મહામારીમાં લોક હીતને ધ્યાનમાં રાખીને જાહેર માર્ગ પર તેમજ સરકારી કચેરીઓમાં સેનેટાઈઝરનો છંટકાવ કરવામાં આવે.

## ગોધરા સિવિલ હોસ્પિટલમાં RTPCR ટેસ્ટની લેબ શરૂ કરાઈ

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના આરટીપીસીઆર ટેસ્ટની લેબ ગોધરા સિવિલ હોસ્પિટલમાં શરૂ કરવામાં આવી છે. શહેરામાં આરટીપીસીઆર ટેસ્ટ માટે લેબ શરૂ થતાં ટેસ્ટ ઝડપી રીતે થશે.

પંચમહાલ જીલ્લામાં કોરોના દર્દીઓના આરટીપીસીઆર ટેસ્ટ માટે દર્દીના સેમ્પલ લઈને અમદાવાદ ખાતે મોકલવા પડતા હતા. જેને લઈ આરટીપીસીઆર ટેસ્ટના રિપોર્ટ જલ્દી મળતો ન હોવાને કોરોના દર્દીઓની સારવારમાં સમય લાગતોં હતો. ત્યારે હવે ગોધરા સરકારી સિવિલ હોસ્પિટલમાં આરટીપીસીઆર ટેસ્ટ માટેની લેબ શરૂ કરવામાં આવી છે. હવે જીલ્લામાં ઘર આંગણે આરટીપીસીઆર ટેસ્ટે માટેની લેબ શરૂ થતાં ટેસ્ટના રિપોર્ટ ઝડપી મળી રહેશે. જીલ્લાવાસીઓ માટે સારી સગવડ ઉભી થતાં રાહત મળશે.

## ગૃહ રાજયમંત્રી અને પંચમહાલ જીલ્લા પ્રભારી મંત્રી પ્રદીપસિંહ જાડેજા આજ રોજ ગોધરાની મુલાકાતે

ગોધરા,

સમગ્ર રાજયમાં મારૂ ગામ કોરોનામુકત ગામ અભિયાનનો તાઃ ૧ લી મે ૨૦૨૧ થી મુખ્યમંત્રીએ પ્રારંભ કરાવ્યો છે. ત્યારે ગૃહ રાજય મંત્રી અને પંચમહાલ જીલ્લા પ્રભારીમંત્રી પ્રદીપસિંહ જાડેજા આજે પંચમહાલ જિલ્લાની મુલાકાતે આવશે. મંત્રી જિલ્લાની મુલાકાત દરમ્યાન કોરોનાની સ્થિતિ અંગેની સમીક્ષા કરશે. જેમાં,સંસદ સભ્ય, ધારાસભ્યઓ અને પદાધિકારીઓ, તેમજ જીલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ સાથે વિવિધ બેઠકો યોજી કોરોના મહામારી દરમ્યાન જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલ કામગીરી તથા આયોજનની સમીક્ષા કરી માર્ગદર્શન આપશે તેમજ "મારૂ ગામ કોરોનામુકત ગામ અભિયાન" ના સુચારૂં અમલીકરણ/વ્યવસ્થા માટે પંચાયતના પદાધિકારીઓ/સદસ્યઓને માર્ગદર્શન આપશે. જિલ્લા વહીવટી તંત્રની કોવિડ–૧૯ મહામારી સામેની તૈયારીઓના જાતનિરીક્ષણ હેતુથી તેઓ ડેડીકેટેડ કોવિડ હોસ્પિટલ, તથા જિલ્લાના વિવિધ કોવિડ કેર સેન્ટરોની મુલાકાત લેશે.તેમજ શામળાજી હોમિયોપેથિક ગોધરા ખાતે ટ્રસ્ટ સંચાલિત કોવિડ કેર સેન્ટરની મુલાકાત લઈ મીડિયાને સંબોધશે.

## ગોધરા તાલુકાના ભલાણીયા ગામે લગ્ન પ્રસંગમાં કોરોના ગાઈડ લાઈનનો ભંગ કરતાં કાર્યવાહી

ગોધરા,

ગોધરા તાલુકાના ભલાણીયા ગામે લગ્ન પ્રસંગમાં કોરોના ગાઈડ લાઈનનું પાલન નહી કરી ડી.જે.ના તાલે નાચતા હોય તે સ્થળે વેજલપુર પોલીસે છાપો મારીને કાર્યવાહી કરી ૩ વ્યકિતની ધરપકડ કરવામાં આવી. જયારે ૧૦ વ્યકિત વિરૂદ્ધ ગુનો નોંધાવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના ભલાણીયા ગામે રમેશભાઈ ફતેસિંહ બારીયાના પુત્રના લગ્ન પ્રસંગમાં કોરોના ગાઈડ લાઈનનો ભગ થયો હતો. મર્યાદિત લોકો કરતાં વધારે લોકો એકઠા કરી ડી.જે.ના તાલે સોશ્યલ ડિસ્ટન્સ જાળવ્યા વગર નાચતા કુદતા હોય તે સ્થળે વેજલપુર પોલીસે છાપો મારીને ડી.જે. સિસ્ટમ સ્પીકર મળી ૨,૨૭,૫૦૦/–રૂપીયાના મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. પોલીસે ૩ વ્યકિતની અટકાયત કરી હતી. જયારે ૧૦ વ્યકિત વિરૂદ્ધ ફરિયાદ નોંધાવામાં આવી.

## હાલોલ બાસ્કા UPL કંપની પાસેથી ચીપ લગાવેલ કબુતર મળતાં પોલીસે કબ્જો લીધો


તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,

હાલોલ બાસ્કાની યુ.પી.એસ કંપની પાસેથી પગમાં ચીપ લગાવેલ કબુતર મળી આવ્યું હતું. પગમાં ચીત લગાવેલ કબુતર મળતાં પોલીસ એકશનમાં આવી હતી. પ્રાથમિક તપાસમાં કબુતરને ફરીફાઈ માટે ચીપ લગાડી હોય તેવું અનુમાન કરવામાં આવ્યું. ચીપ કાઢીને તપાસ કરવામાં આવશે.

હાલોલ તાલુકાના બાસ્કા ખાતે આવેલ યુ.પી.એલ. કંપની પાસે ઘાયલ અવસ્થામાં ચીપ લગાવેલ કબુતર મળી આવ્યું હતું. ચીપ લગાવેલ કબુતર અંગે પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસ એકશનમાં આવી હતી અને કબુતરને પકડીને ઈજાગ્રસ્ત હોવાથી સારવાર માટે લઈ જવામાં આવ્યું હતું. પોલીસે પ્રાથમિક તપાસમાં જણાવ્યું કે, ચીપ ભારતીય બજારમાં મળતી ચીપ છે અને કોઈ ટ્રેકરો દ્વારા કબુતરની હરીફાઈ માટે ચીપ લગાડી હોવાનું અનુમાન છે. કબુતર ઈજાગ્રસ્ત છે. સારવાર બાદ ચીપ કાઢીને તપાસ કરવામાં આવશે.

### પ્રાથમિકતા તળાવમાં ચીપ કબુતરને હરીફાઈ માટે લગાડી હોવાનું તારણ

## ઘોઘંબાના નિકોલાની યુવતિના ફોટો સોશ્યલ મિડીયા અને યુવતિના મંગેતરને મોકલી બદનામ કરી સગપણ તોડાવી નાખતાં ફરિયાદ

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના નિકોલા ગામે રહેતી યુવતિના આરોપી ઈસમે અશ્લીલ ફોટાઓ પાડીને બિભત્સ માંગણી કરી હતી. અરોપીની માંગણીને તાબે નહિ થતાં આરોપી એ યુવતિના મંગેતરના મોબાઈલ ફોન ઉપર તસ્વીર મોકલી આપીને સગપણ તોડાવી નાખતાં આ બાબતે દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના નિકોલા ગામે રહેતી યુવતિના ગામમાં રહેતા આરોપી રંગીત નરવતભાઈ બારીયા એ પોતાના મોબાઈલ ફોનમાં યુવતિના અશ્લીલ ફોટા પાડી લીધા હતા અને યુવતિ પાસે બિભત્સ માંગણી કરીને ધમકી આપતો હોય યુવતિ તાબે નહિ થતાં આરોપી ઈસમે યુવતિના સગપણ થયા હતા. તે યુવકના મોબાઈલ ફોન ઉપર તેમજ સોશ્યલ મીડીયામાં ફોટો વાયરલ કરી યુવતિનું સગપણ તોડાવી નાખીને ગુનો કર્યો હોય આ બાબતે દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામતા પોલીસે રંગીત નરવતભાઈ બારીયા વિરૂદ્ધ વિવિધ એકટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## હાલોલ તાજપુર કોવિડ હોસ્પિટલ ખાતે આગની ઘટના માટે મોકડ્રીલ યોજી

હાલોલ,

પંચમહાલ જીલ્લા વહીવટી તંત્ર એ ભરૂચ કોવિડ હોસ્પિટલમાં આગ લાગવાની ઘટના એકશનમાં આવ્યું હતું. અને હાલોલના તાજપુરા ખાતે આવેલ કોવિડ હોસ્પિટલમાં આગની ઘટનાનું મોકડ્રીલ કરવામાં આવ્યું અને સ્ટાફને આગ જેવી ઘટનામાં શું કરવું તેની જાણકારી પુરી પાડવામાં આવી હતી.

ભરૂચ કોવિડ હોસ્પિટલમાં આગ લાગવાની ગોઝારી ઘટના બની


તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

છે. જેને લઈ પંચમહાલ જીલ્લાનું તંત્ર પણ એકશનમાં આવ્યું છે. કોવિડ હોસ્પિટલમાં આકસ્મિક આગ જેવા ઘટનામાં સ્ટાફ દ્વારા દર્દીઓને બચાવવા માટે શું કરવું જોઈએ તેની જાણકારી માટે મોકડ્રીલનું આયોજન તાજપુરા કોવિડ હોસ્પિટલમાં આગની ઘટનામાં હોસ્પિટલની મેડીકલ સ્ટાફ અને પેરામેડીકલ સ્ટાફને કેવા પ્રકારની સાવચેતી રાખવી તેના માટે માહિતગાર કરવામાં આવ્યા. હોસ્પિટલમાં ફાયર એસ્ટિચગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો તેના માટે સુચનો કરવામાં આવ્યા હતા. સાથે આગની ઘટનામાં દર્દીઓને સલામત સ્થળે ખસેડવા માટેની પણ માહિતી આપવામાં આવી.